॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

પરિવાર પત્રિકા

બહુજન હિતાય-બહુજન સુખાય

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम्=ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

પરિવાર પત્રિકા

બહુજન હિતાય – બહુજન સુખાય

પરિવાર પત્રિકા – ૨ માનદ્ તંત્રી શ્રી નૈષધ વ્યાસ વર્ષ – ૨

તંત્રીસ્થાનેથી

સન ૧૯૮૬નું આ વર્ષ 'આંતરરાષ્ટ્રિય યુવા વર્ષ' તરીકે ઊજવાઈ રહ્યું છે. યુવાનોની સુપ્રવૃત્તિઓને વેગ મળે તે માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા યુવાનોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે; યુવાનોમાં પડેલી ગુપ્ત શક્તિને વિકસાવવાનો યથામતિ પ્રયત્ન વિશ્વની અનેક સંસ્થાઓ દ્વારા થઈ રહ્યો છે.

તમામ સુપ્રવૃત્તિઓ અને સત્કાર્યોનાં આચરણનું ધ્યેય સનૂસંપત્તિ અને સુખશાંતિની પ્રાપ્તિ જ હોઈ શકે. યોગસાધક, યોગસાધના શરૂ કરતાંની સાથે અનાયાસે જ સનૂસંપત્તિ અને સુખશાંતિને પ્રાપ્ત કરી લે છે. અષ્ટાંગયોગનાં પ્રથમ બે અંગ; 'યમ' (અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય. અસંગ્રહ) અને 'નિયમ' (પવિત્રતા, સંતોષ, તપ, સ્વાધ્યાય. ઈશ્વરશરણાગતિ) ના પાલનમાત્રથી ભૌતિક, આધ્યાત્મિક સુખશાંતિની પ્રાપ્તિ થઈ શકે છે. તેથી એમ કહી શકાય કે તમામ સુપ્રવૃત્તિઓ અને સત્કાર્યોથી પ્રાપ્ત સુખશાંતિનું મૂળ, 'યોગ' છે. આત્યંતિક સુખશાંતિની પ્રાપ્તિ અર્થે, દરેક જાતિ, દેશ અને કાળ (ખાસ કરીને કલિકાળ)ના યુવાવર્ગ માટે 'યોગ'નું આચરણ અનિવાર્ય છે.

આજના યુવાનવર્ગને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગ-ભિક્ષુજીનો સંદેશ :

"યુવાનવર્ગ જો યોગ તરફ વળે તો વિશ્વનો ઘણો ઉપકાર થાય. (૧) ક્ષણજીવી અને દીર્ઘજીવી સુખ–શાંતિના તફાવતને પારખવાની કુશળતા પ્રાપ્ત થાય અને (૨) સાધનશક્તિ કેળવાવીને શક્તિના ઘણા મોટા વ્યયનો દુર્વ્યય થતો અટકાવી શકાય તો કલ્યાણની ઘણી નજીક પહોંચી જવાય.

ઉપરોક્ત બંને દિવ્ય ઉદ્દેશોની પૂર્તિ દીર્ઘ કાળના યોગાભ્યાસથી થઈ શકે. દીર્ઘ કાળના યોગાભ્યાસની પ્રેરણા અને શ્રદ્ધા ગુરુજનો સંતજનો અને યોગાચાર્યો પાસેથી પ્રાપ્ત થઈ શકે.

પૂર્વ અને પશ્ચિમ બંને, વિજ્ઞાનના વિલાસમાંથી ઉત્પન્ન થતા અસંતોષરૂપી મહાઅજગરના ભીષણ ભરડામાં ભીંસાઈ રહ્યા છે. યોગરૂપી અમોઘ સાણસા દ્વારા યોગીગુરુઓ જ તેમાંથી તેને મુક્ત કરાવી શકશે. તે અજગર, સૌનો ભાંગીને ભુક્કો કરે ત્યાર પહેલાં જો ચેતી જવાય તો સારું.

વૈચારિક ગંગાનું અવતરણ, ક્રિયાત્મક પ્રયોગાત્મક ભૂમિકા પર કરાવી શકનાર ભડવીર ભગીરથોની અને મરજીવાઓની, હાલના તબક્કે સખ્ત જરૂરત છે; કે જેઓને લોકેષણામાં રાચવાની કે સુખશૈયામાં આળોટવાની ઈચ્છા સ્વપ્ને પણ ન હોય.

પ્રેરણા આપીને વસ્તુની અસલ કિંમત સમજાવી દેવાની ફરજ વિશેષજ્ઞોની છે. સૌ કિંમતી વસ્તુ જ પસંદ કરે છે; ઓછી કિંમતની વસ્તુ પસંદ થઈ જાય છે તે તો કિંમત વિષેની અજ્ઞાનતાના કારણે.

વિશેષજ્ઞો પોતાની ફરજ બજાવવામાં કદી ન વિસરો."

'પરિવાર પત્રિકા'ના આ અંકથી પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ પાતંજલ યોગદર્શન સમાધિપાદની ગુજરાતી ટીકા "મુક્તા" પ્રસ્તુત થઈ રહી છે; કે જે પરાવાણીમાંથી વૈખરીવાણીમાં પ્રગટી, કેદારેશ્વર (તા. કપડવંજ) મુકામે. આ સ્થાનમાં પૂજ્યશ્રી ચાતુર્માસ નિમિત્તે રોકાયેલા. પૂજ્યશ્રીની સેવાનો પૂર્ણ લાભ લેનાર શ્રી ગુરુધ્યાનભિક્ષુજી તથા શ્રી ઉપાસેને આ વૈખરી વાણીને ટેપ કરી લીધેલ અને ટેપ પરથી જેનું લખાણ લેખનનું કાર્ય શ્રી ભરતભાઈ દેસાઈએ કરેલ. તેમના સૌના આ ભગીરથ પ્રયત્નો બદલ ધન્યવાદ.

યોગ એજ્યુકેશન સેન્ટર, મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) તરફથી લખાયેલ પત્ર

યોગ એજ્યુકેશન સેન્ટર
મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)

તા. ૨૯-૫-૧૯૬૮

વહાલા અમરાત્મન્ (યોગભિક્ષુજી)

આ પત્ર આપને મેલબોર્નના યોગશિક્ષણ કેન્દ્રના વિદ્યાર્થીઓ વતી લખવામાં આવ્યો છે; નવેમ્બર ૧૯૬૮માં સીડનીમાં એક અધિવેશન ભરવા તથા આંતરરાષ્ટ્રિય યોગશિક્ષક સંઘની સ્થાપના કરવા, બિહાર યોગશાળા ધારે છે; તેના બંધારણ અંગે માર્ગદર્શન આપવા તથા તેને આપ માન્ય રાખશો કે નહીં તે જણાવવા વિનંતી છે.

યોગની બાબતમાં શંકાશીલ લાયકાત ધરાવતી, ભારત અને અન્ય દેશોની વ્યક્તિઓ ઘણો પ્રચાર પામી રહી છે. આવા લોકોની તથા જેમના દ્વારા અપાતી તાલીમ શંકાશીલ છે તેવા આ દેશમાંના લોકોની સચ્ચાઈ પારખવા અમારી અહીંની સમિતિ ઈચ્છે છે. આ કાર્ય સત્તાવાર રીતે કરવા આપનો અભિપ્રાય શું છે ?

આ કારણે અમે નીચેની બાબતો અંગે ચિંતિત છીએ –

(૧) યોગથી અજાણ વ્યક્તિ કે જે શંકાશીલ યોગશિક્ષકો દ્વારા ચલાવાતાં (ચલાવાતા) પત્ર-પત્રિકાઓ ઉપર જ યોગના જ્ઞાનને જાણવાનો આધાર રાખે છે તેને સાચા યોગશિક્ષક તરફ કઈ રીતે વાળી શકાય ?

(૨) વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે યોગને એક વિજ્ઞાન અને શૈક્ષણિક, તબીબી અને મનોચિકિત્સક વિશેષજ્ઞોના ધ્યાનને પાત્ર જીવનમાર્ગ તરીકે કેવી રીતે સ્વીકારી શકાય ?

(૩) યોગાભ્યાસની સંસ્થાને સરકારી મદદ અને સરકારનું નિયંત્રણ યોગ્ય ગણી શકાય ?

આવી કોઈ સંસ્થા સાથેના વ્યવહાર વખતે આપનો અભિપ્રાય અને અનુભવ કોઈપણ સંજોગોમાં મોકલશો તે, અમે માનીએ છીએ કે કેન્દ્રની સમિતિ માટે મૂલ્યવાન હશે, સમિતિ આપના ઉત્તરની કદર કરશે અને ગુપ્ત રાખશે.

આપનો જ

.....

નિર્ઝર ઝર્યું કો ગેબથી

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુ દ્વારા લખાયેલ આ પુસ્તક ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રગટ થઈ ચૂકયું છે. પુસ્તક ખરીદવા ઇચ્છતાં ભાઈ-બહેનોએ પ્રકાશકના સરનામે પત્રવ્યવહાર કરવો.

ઉપરોક્ત પુસ્તકમાં, વિશ્વ-અશાંતિનાં અતિ ગુમ કારણોની મૌલિક રજૂઆત કરવામાં આવી છે.

કિંમત : ગુજરાતી – રૂા. ૫-૦૦
હિન્દી અને અંગ્રેજી – રૂા. ૧૦-૦૦

"યોગ શું નથી ?!"

(પત્રનો ઉત્તર)

તા. ૧૬-૭-૬૮

આત્મસ્વરૂપ –

સંચાલકશ્રી –

યોગ એજ્યુકેશન સેન્ટર, મેલબોર્ન. (ઓસ્ટ્રેલિયા)

પ્રિય મહોદય,

ઓગણત્રિસ મે નો તમારો લખેલો પત્ર મળ્યો. ધન્યવાદ. તમારો લોકહિતનો સદ્‌ઉદ્દેશ જાણીને આનંદ થયો. આવા પવિત્ર પ્રયત્નોમાં પરમાત્મા જરૂર સફળતા આપે છે.

આંતરરાષ્ટ્રિય યોગ શિક્ષક સંઘની કલ્પના એ દિવ્ય ભાવનાઓનો મહાન ઊભરો છે. તે સંઘની સ્થાપના થઈ જવાથી આધ્યાત્મિક જગતની શ્રેષ્ઠ ઉદારતાનો પરિચય મળશે. સંઘ પ્રમાણિકપણે કાર્યરત થઈ જવાથી તેને પતિત-પાવની, શાંતિદાયિની ભાગીરથીને પૃથ્વી પર લાવવાનો સુયશ અને સુફળ મળશે.

તમારા પત્રનો ઉત્તર દેવાનો યથાશક્તિ અને યથામતિ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે –

"યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ" = ચિત્તવૃત્તિઓના નિરોધનું નામ યોગ છે. "યોગસ્સમાધિઃ" = સમાધિનું નામ યોગ છે. "યોગઃ કર્મસુ કૌશલમ્" = કર્મોમાં કુશળતા–ચિત્તવૃત્તિઓના નિરોધના કર્મોમાં કુશળતા – સમાધિ પ્રાપ્ત કરવાના કર્મોમાં કુશળતા – પ્રાપ્ત કરવી એનું નામ યોગ છે. બધા જ પ્રકારના યોગીઓ અને બધા જ પ્રકારના યોગનો મૂળ આધાર છે હઠયોગ. યોગશાસ્ત્રમાં કહ્યું છે – અશેષયોગયુક્તા–નામાધારકમઠો હઠઃ (૧-૧૦) યોગની સામાન્ય વ્યાખ્યા ઉપર કહ્યા મુજબની છે; કે જે સવિશેષ આત્મતત્ત્વથી સંબંધિત છે અને તે આર્ષપરંપરાની બક્ષિશ છે. **આર્ષપરંપરાનું અભીષ્ટ છે - આત્યંતિક કલ્યાણ-મોક્ષ - કૈવલ્ય - આત્મ-પરમાત્મતત્ત્વની પૂર્ણ ઓળખ.**

જે યોગ-સાધન સાક્ષાત્ અથવા પરંપરાથી આત્મતત્ત્વની પૂર્ણ ઓળખ દેવામાં સમર્થ છે, તે આત્માના આશ્રયરૂપ શરીરનું કલ્યાણ કરવામાં અસમર્થ કેમ હોઈ શકે ?

ઉપરોક્ત કલ્યાણકામીઓના જે સહાયક છે અથવા સહાયતા દેવા પ્રયત્ન કરી રહ્યા છે તેઓ વ્યક્તિ હોય કે સમષ્ટિ, સમાજ હોય કે સંસ્થા, બધા માટે ઉપકારી છે, અભીષ્ટ છે.

(૧) **યોગાચાર્ય તે છે જે પોતે યોગનું આચરણ કરે છે અને બીજાઓને આચરણ કરાવવામાં સદાય તત્પર હોય છે, ઉત્સુક હોય છે.** તે, તન-મનને શાંતિ આપનારા બધા જ સફળ ઉપાયો જાણતા હોય અને ગૌણપણે જેમનામાં જનમનને આકર્ષિત કરવાની કળા અને અલૌકિક શક્તિઓ પણ હોય એવા સદાચારી અને યમ-નિયમોથી યુક્ત આચાર્ય (યોગશિક્ષક) અજાણ્યા યોગજિજ્ઞાસુઓને નિસંદેહ પોતાની તરફ ખેંચી લેશે. **અંધારાનો નાશ કરવા માટે જરૂરત છે પ્રકાશની; નહીં કે અંધારા સાથે યુદ્ધ કરવાની.**

ઉપરોક્ત કળા અને શક્તિઓનો ઉપયોગ, અજાણ્યા યોગજિજ્ઞાસુઓને પોતાની તરફ આકર્ષિત કરવાની પ્રાથમિક ભૂમિકા સુધી જ મર્યાદિત રહે. ત્યારપછી તે જિજ્ઞાસુ, પ્રમાણિક યોગશિક્ષક પાસેથી વાસ્તવિકતા અને અવાસ્તવિકતાને કસવાની કસોટી પ્રાપ્ત કરી લેશે. અને પછી 'હઠ'ની સાધના કરતો કરતો હઠયોગનો સિદ્ધ બનીને જ 'રાજયોગી' નામની ઉપાધિ (ડિગ્રી)ને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ જશે. યોગશાસ્ત્ર આ જ કહે છે– "મારુતે મધ્યસંચારે મનઃસ્થૈર્યં પ્રજાયતે; યો મનઃ સુસ્થિરીભાવઃ સૌવાવસ્થા મનોન્મની" (૨-૪૨)

(૨) 'અશેષતાપનપ્તાનાં સમાશ્રયમઠો હઠઃ' (૧-૧૦) બધા જ પ્રકારના દુઃખી મનુષ્યોને સારી રીતે આશ્રય દેવાવાળું ઘર હઠયોગ છે.

યોગનાં છ કર્મ, દસ મુદ્રાઓ તથા અષ્ટકુંભક પ્રાણાયામ ત્રિતાપજનિત સર્વ ઉપદ્રવોને શમન કરવામાં, વિશ્વભરની અને સર્વકાલની મનુષ્ય-જાતિ માટે સફળ સાધન છે. આખા વિશ્વની શારીરિક આરોગ્ય દેવાવાળી ઘણી બધી પદ્ધતિઓને તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં એ ખબર પડે છે કે તેમનું મૂળ હઠયોગના નેતિ, ધૌતિ આદિ ષટ્કર્મોમાં છુપાયેલું છે.

વૈદિકશાસ્ત્રનો નિયમ છે કે સર્વ પ્રકારના રોગો ત્રિદોષથી ઉત્પન્ન વિષમતાથી થાય છે. તે વિષમતા સમ કરવામાં ષટ્કર્મ કેવાં ચમત્કારિક અને અમૂલ્ય (મફતમાં મળતાં) સાધનો છે એ વાત સ્વાનુભવી લોકો સારી રીતે જાણે છે.

જ્યાં સુધી માનસિક અને મનોવૈજ્ઞાનિક વાત છે, તે પ્રાણ અને પ્રાણાયામ સાથે સંબંધિત છે. પ્રાણ દ્વારા જ મન કાર્યક્ષમ થાય છે. **તાત્ત્વિક રીતે વિચારતાં એ વાત ધ્યાનમાં આવ્યા વિના નથી રહી શકતી કે પ્રાણ જ સૂક્ષ્મ ભૂમિકાને પ્રાપ્ત કરીને 'મન' નામ ધારણ કરે છે. તેથી માનસિક સર્વ સમસ્યાઓનું સમાધાન પ્રાણની જાણકારી પર આધારિત છે. અને પ્રાણની અલૌકિક દિવ્ય શક્તિઓ પ્રાણાયામની કુશળતામાં વસેલી છે.** પ્રાણાચાર્યોથી વિશ્વનો કોઈપણ ભેદ છૂપો નથી રહી શકતો. અને પ્રાણાયામની સફળતા બિંદુરક્ષા અર્થાત્ બ્રહ્મચર્ય–સાધનામાં છે કે જે યોગાંગ યમનું એક બહુમૂલ્ય અંગ છે. મુદ્રાઓ, પ્રાણનિરોધ સાથે કરવામાં આવતો સર્વાંગ વ્યાયામ છે જે કેશવાહિનીઓને પણ શુદ્ધતા અને ઋજુતા (સ્થિતિસ્થાપકતા) આપવામાં સમર્થ છે. તે પ્રાણ–શ્વાસના નિરોધની સાથે કરવામાં આવતું એક એવું સફળ અંગસંચાલન છે, જે તજજ્ઞો દ્વારા જ સમજી શકાય એવું છે. મહાનુભાવો દ્વારા ઉપરોક્ત ત્રણે સાધનોનો એક એવો ક્રમ નિશ્ચિત કરવો જોઈએ; એક એવી પરંપરા સ્થિર કરવી જોઈએ કે જેથી પેઢીઓ સુધી તેનાથી લાભ લઈ શકાય.

યોગના અધિકારી કોણ? તેના માટે હઠયોગ ગર્જના કરીને કહે છે કે–"યુવાવૃદ્ધો, અતિવૃદ્ધો, વ્યાધિતો દુર્બલોઽપિવા, અભ્યાસાત્ સિદ્ધિમૂ આપ્નોતિ સર્વયોગે ષ્વતંદ્રિતઃ" (૬૪–૧) = યુવાન હોય, કે વૃદ્ધ હોય, કે અતિવૃદ્ધ હોય, કે રોગી હોય, કે દુર્બલ-અશક્ત હોય; કોઈપણ પ્રમાદરહિત થઈને અભ્યાસ કરવાવાળો સિદ્ધિને અવશ્ય પ્રાપ્ત કરે છે. "ન શાસ્ત્રપાઠમાત્રેણ–યોગસિદ્ધિ પ્રજાયતે" (૬૫) "ન વેશધારણં સિધ્યેઃ, સત્યમેતન્નસંશયઃ" (૬૬) = ફક્ત યોગશાસ્ત્રનો પાઠ કરવાથી કે કોઈપણ પ્રકારના બાહ્ય ચિહ્નો ધારણ કરવામાત્રથી કદી સિદ્ધિ મળી શકતી નથી. શાસ્ત્રોક્ત રીતે અભ્યાસ કરવાથી જ સફળતા મળે છે.

તેથી આચાર-સદાચાર જ સફળતાની કૂંચી છે. કેવળ જ્ઞાન (જાણકારી) માત્રથી તૃપ્તિ નથી થતી; સમાધાન નથી થતું. જ્ઞાનને કર્મ-ક્રિયા-આચાર-સદાચારની જરૂરત છે, આધાર છે. ત્યારે જ જ્ઞાન સરળ-સફળ થશે અને વ્યવહારમાં આચરી શકાશે.

(૩) શરીર, મન અને પ્રાણથી પણ જે સૂક્ષ્માતિ-સૂક્ષ્મ આત્મસત્તા – શક્તિ – વસ્તી છે તેને પ્રાપ્ત કરવી અર્થાત્ સાચી રીતે સમજવી એ જ યોગનો અંતિમ ઉદ્દેશ્ય છે. આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ યાત્રા સુધી પહોંચાડનાર સાધન અને સાધનાલયોનું પરાવલંબી રહેવું વિરોધાભાસી પ્રતીત થાય છે. **'સૂક્ષ્મની પૂર્તિ માટે સ્વાવલંબનરૂપી સૂક્ષ્મતા જ ઉચિત ગણાવી જોઈએ.** સૂક્ષ્મતાને **શાસનરૂપી મર્યાદાની** સ્થૂળતામાં બાંધવી **અસંભવ** છે. સ્થૂળ સહાય, સ્થૂળ મર્યાદા સુધી જ સીમિત અને સ્વીકૃત હોઈ શકે છે. વ્યક્તિરૂપી સાધક હોય કે સંસ્થારૂપી સાધનાલય, તે સૂક્ષ્મભૂમિમાં પ્રવેશ કરતાં જ 'બાહ્ય' અને 'પર' સહાયતા અને શાસનની સ્થૂળતા આપોઆપ જ ખરી પડશે.

કોઈપણ સંસ્થાનું પરાવલંબી હોવું તેની ઉન્નતિમાં બાધક છે; ત્યારે તો જરૂર જ કે ક્યારે તે પોતાની આંતરિક ગતિવિધિઓમાં અન્યોનો હસ્તક્ષેપ સ્વીકાર કરે.

મુખ્યપણે જગત બે તત્ત્વોમાં વિભાજિત થઈ શકે છે. પહેલું જડ અને બીજું ચેતન. સમસ્ત જડતત્ત્વોનું સમાધાન સવિકલ્પ સમાધિમાં થઈ જાય છે. અને સમસ્ત ચેતનતત્ત્વોનું સમાધાન નિર્વિકલ્પ સમાધિમાં થઈ જાય છે. તેથી "યોગ શું છે?" પ્રશ્નાર્થની જગ્યાએ "યોગ શું નથી?" કહેવાથી યોગમહત્તાની પરિપૂર્ણ ઝાંખી થઈ શકે છે.

અમને શ્રદ્ધા છે કે નીચેના નિવેદન ઉપર ધ્યાન આપવાની કૃપા કરશો—

જ્યારે પણ આપ પત્રવ્યવહાર કરો ત્યારે અંગ્રેજી ભાષાની સાથે તે દેશની ભાષામાં તેનો અનુવાદ હોવો અતિ આવશ્યક છે કે જે દેશમાં તે લખવામાં આવ્યો છે; જેમકે ભારતમાં તેની રાષ્ટ્રભાષા હિન્દીમાં. જો એમ નહીં કરાય તો સરલતાપ્રેમી યોગીઓ અને ઉચ્ચ યોગસાધકોના અમૂલ્ય અનુભવોના લાભથી વંચિત રહી જવાની પૂરી સંભવના છે. સ્વદેશસ્થ મહાનુભાવોની આંગ્લભાષાની અજ્ઞાનતા કોઈના માટે પણ આશ્ચર્યનો વિષય ન હોવો જોઈએ. ઓમ્...શાંતિ:

ज्ञानं कुतोमनसि संभवति: तावत्प्राणोऽपि
जीवतिमनो मृयते न यावत् ॥
प्राणोमनो क्षयमिदं विलय नयेद्यो
मोक्षं स गच्छति नरो न कथम् चिदन्य: ॥४-१७॥

— યોગભિક્ષુ

"મુક્તા"

(પાતંજલ યોગદર્શન – સમાધિપાદ)

— યોગભિક્ષુ

યોગશાસ્ત્રનો પ્રારંભ કરતાં પહેલાં તેની મહત્તા દર્શાવતો શ્લોક સમજીએ :

आलोक्य सर्वं शास्त्राणि
विचार्य च पुन: पुन:
ईदमेकं सुनिष्पन्नं
योगशास्त्रं परं मतम्

અર્થ: સર્વ શાસ્ત્રો જોઈને, સર્વ શાસ્ત્રોનું અવલોકન કરીને, સર્વ શાસ્ત્રો વિષે પુન: પુન: વિચાર કરીને એ જોયું, એ નક્કી કર્યું, એ નિશ્ચય ઉપર આવ્યા, એ સિદ્ધ થયું કે યોગશાસ્ત્ર પરમશાસ્ત્ર છે; એટલે કે યોગશાસ્ત્ર સર્વશ્રેષ્ઠ શાસ્ત્ર છે. કૈવલ્ય પ્રાપ્ત કરવાનું, મનુષ્યજન્મની સાર્થકતા મેળવવાનું અમોઘ, અલૌકિક અને દિવ્ય શાસ્ત્ર છે.

પરમકૃપાળુ પરમેશ્વરની દયાથી, ગુરુદેવના આશીર્વચનથી હવે આપણે યોગશાસ્ત્રનો પ્રારંભ કરી રહ્યા છીએ. આ પરમ પવિત્ર એવા કેદારેશ્વર મહાદેવમાં આજે તા. ૨૧–૮–૮૦ ના રોજ આપણે આ યોગશાસ્ત્ર સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, ભગવાનની આપણા ઉપર દયા થઈ કે યોગશાસ્ત્ર સમજવાનો આપણને અવકાશ મળ્યો.

આમ તો યોગના અનંત પ્રકાર છે. પૂ. આદ્ય શંકરાચાર્ય મહારાજે યોગતારાવલીમાં સવા કરોડ પ્રકારના યોગનો ઉલ્લેખ કરેલો છે. યોગ એટલે કે ચિત્તવૃત્તિનિરોધ કરવાનાં સાધનો, ઉપાયો, માર્ગો, યુક્તિ-પ્રયુક્તિઓ. યોગ એટલે કે ક્રમેક્રમે સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં જવું. બહિર્મુખ ઈન્દ્રિયોને અંતર્મુખ કરવી. યોગ એટલે કે પ્રાણ–અપાનનું, ઈડા–પિંગલા નાડીનું, શિવ–શક્તિનું મિલન. યોગ એટલે વ્યષ્ટિ–વિદ્યુતનું સમષ્ટિ–વિદ્યુત સાથે સંધાણ કરી દેવું, શ્વાસોચ્છ્વાસની લયતા સાધી શરીરની શીતોષ્ણતાની વિષમતા ટાળીને સદા નીરોગ રહેવું. સંપૂર્ણ નિર્વાસનિકતા કેળવીને એક શરીરમાં જ રહેલા રજ–વીર્યને પરસ્પરમાં પચવા દઈને અજરપણાના

સાચા રહસ્ય (વજ્રોલી મુદ્રાના સાચા રહસ્ય)ને પામવું વગેરે... વગેરે...

ચિત્તવૃત્તિઓનો નિરોધ કરીને પ્રાપ્ત શું કરવાનું છે? કૈવલ્ય, મુક્તિ, મોક્ષ, પરમ સ્વાતંત્ર્ય, આત્યંતિક સુખ; એટલે કે જે સુખ, દુઃખની પ્રતિક્રિયામાં ન પરિણમનું હોય. પ્રાતઃસ્મરણીય યોગપ્રાચાર્ય શ્રી પતંજલિ મુનિકૃત પાતંજલ યોગદર્શન સમજવાનો હવે આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ.

પાતંજલ યોગને અષ્ટાંગ યોગ પણ કહેવામાં આવે છે. તેમાં આઠ અંગોનું નિરૂપણ કરેલું છે અને યોગનો ક્રમપૂર્વક અભ્યાસ કરવા માટે તેમાં ક્રમશઃ આઠ અંગોની વિસ્તારપૂર્વક સમજણ આવે છે તેથી તેને અષ્ટાંગ યોગ કહે છે. આર્ય–આર્ષ સંસ્કૃતિ એટલે શું? આપણે શેને ઋષિ સંસ્કૃતિ કહી શકીએ? આપણા છ દર્શનોને. એ છ દર્શનોને જો બાદ કરી નાખીએ તો જેને આપણે સંસ્કૃતિ કહીએ છીએ એવું કશું જ રહેતું નથી. આ ષડ્દર્શનો આર્ષ સંસ્કૃતિનો આત્મા છે. આ ષડ્દર્શનોમાંનું જ આ એક પાતંજલ યોગદર્શન. તેનું પ્રથમ સૂત્ર છે :

अथ योगानुशासनम् ॥१॥

ભાવાર્થ :– યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.

વિસ્તાર :– આ સૂત્રના 'અથ' અને 'અનુશાસનમ્' શબ્દો વધુ સમજવા જેવા છે. 'અથ'નો અર્થ છે પ્રારંભ. અહીં અથ શબ્દ પ્રારંભવાચક પણ છે અને મંગળવાચક પણ છે. જેમ કોઈ કાર્યનો પ્રારંભ કરતા પહેલાં આપણે કોઈ મંગળવાચક શબ્દનો ઉપયોગ કરીએ છીએ, જેમકે કોઈ ઓમ્ બોલે, કોઈ શુભ–લાભ બોલે, કોઈ શ્રીકૃષ્ણ શ્રીરામ, કોઈ જય અંબે, કોઈ ઓમ્ નમઃ શિવાય બોલે તેમ પોતપોતાને મનપસંદ એવું મંગળવાચક નામ, એવું ઈશ્વરવાચક નામ બોલે, એનો ઉપયોગ કરે. તો, આ તો યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. એટલે આમાં પણ મંગળવાચક શબ્દનો પ્રયોગ થયો. અને એના માટે એને યોગ્ય મંગળવાચક શબ્દ બોલાયો. યોગશાસ્ત્રને યોગ્ય કયો શબ્દ પતંજલિએ પસંદ કર્યો? 'અથ'. એ 'અથ'માં ઘણા અર્થો સમાયેલા છે.

'અથ' એટલે પ્રારંભ અને 'ઈતિ' એટલે પૂર્ણાહુતિ–પૂર્ણ થવું. જ્યાં આ યોગશાસ્ત્ર પૂર્ણ થશે ત્યાં 'ઈતિ' શબ્દ આવશે. આ પ્રારંભ થયો ત્યાં 'અથ' શબ્દ આવ્યો. આમ 'અથ' શબ્દથી યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.

પ્રથમ સૂત્રમાં ત્રીજો શબ્દ છે 'अनुशासनम्'. પતંજલિમુનિ આ જગ્યાએ शासनम् નથી કહેતા. शासनम् એટલે કે મારું શાસન છે એમ નથી કહેતા. આ યોગશાસ્ત્ર હું મારા તરફથી તમને કહી રહ્યો છું એવું એમનું કહેવું નથી. આ જગ્યાએ પતંજલિજી પોતાના વિનમ્ર સ્વભાવનો પરિચય આપી રહ્યા છે. આ 'अनुशासनम्' શબ્દથી પતંજલિજી કેટલા વિનમ્ર હતા એનો આપણને પરિચય મળે છે, એની આપણને ખબર પડે છે. તેઓ એમ નથી કહેતા કે આ શાસ્ત્ર હું કહી રહ્યો છું, પણ પોતે કહી રહ્યા છે કે 'अनुशासनम्' એટલે કે આ શાસ્ત્ર મને પૂર્વાચાર્યો દ્વારા, હિરણ્યગર્ભ આદિ આચાર્યો દ્વારા પ્રસાદરૂપે–પ્રસાદીરૂપે મળેલું છે. અને એ શાસ્ત્ર હું તમને આપી રહ્યો છું, તમને સંભળાવી રહ્યો છું. આ કાંઈ મારા તરફથી સ્વતંત્રરૂપે રચના કરી તમને આપવામાં નથી આવી રહ્યું. આ જે કાંઈ વિદ્યા હું તમને આપી રહ્યો છું, તમને સંભળાવી રહ્યો છું તેનો યશ મને આપશો નહીં, કારણકે આ તો મને પણ આચાર્યો દ્વારા પ્રાપ્ત થયેલી અમોઘ વિદ્યા છે. પરંપરા સાચવી રાખવા, એ પ્રવાહને જાળવી રાખવા હું તેને આગળ વધારી રહ્યો છું, તમને આપી રહ્યો છું. આમ 'अनुशासनम्' શબ્દથી ઘણી બધી બાબતો સમજાય છે.

બીજું સૂત્ર છે :

योगश्चित्तवृत्तिनिरोधः ॥२॥

ભાવાર્થ : ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહેવામાં આવે છે.

વિસ્તાર :– પહેલા અને બીજા સૂત્રમાં અનુક્રમે 'अनुशासनम्' અને નિરોધ શબ્દ આવે છે. વર્તમાન-

કાળમાં પણ તે બંને શબ્દો ખૂબ પ્રચલિત થયા છે પણ યોગશાસ્ત્રમાં તે બંને શબ્દોનો અર્થ કેટલો દિવ્ય છે! પ્રથમ સૂત્રમાં આવ્યું કે "અથયોગાનુશાસનમ્". તેથી યોગ એ શું છે તેનું સ્વાભાવિક જ આપણા મનમાં કુતૂહલ થાય, જિજ્ઞાસા થાય કે આ યોગ એ શી ચીજ છે? કોઈ ખાવાપીવાની, પહેરવાની, ઓઢવાની, રમવાની? યોગ કિસ ચિડિયાકા નામ હૈ? યોગનો પ્રારંભ તો થઈ રહ્યો છે, પણ એ છે શું? તો બીજા સૂત્રમાં એનો જવાબ આપવામાં આવ્યો કે ચિત્તવૃત્તિના નિરોધને 'યોગ' કહેવામાં આવે છે. અને એ જ યોગની શ્રી કૃષ્ણે ગીતામાં "યોગઃ કર્મસુ કૌશલમ્" એમ કહીને વ્યાખ્યા કરી છે. યોગઃ કર્મસુ કૌશલમ્ એટલે કર્મમાં કુશળતાનું નામ યોગ છે એમ ગીતામાં કહ્યું અને વ્યાસદેવજી મહારાજે પોતાના ભાષ્યમાં એની વ્યાખ્યા તેથી પણ આગળ કરી કે "યોગસ્સમાધિ" – સમાધિને યોગ કહેવામાં આવે છે.

આપણે આ ત્રણ રીતે યોગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ: (૧) ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેવામાં આવે છે, (૨) કર્મમાં કુશળતાને યોગ કહેવામાં આવે છે; (૩) અને સમાધિને યોગ કહેવામાં આવે છે. પાતંજલ યોગદર્શનની 'યોગ'ની વ્યાખ્યા અને ગીતાની 'યોગ'ની વ્યાખ્યાનો સમન્વય થાય ત્યારે 'યોગ' વિષેનો પૂર્ણ ખુલાસો થાય છે. ચિત્તવૃત્તિના નિરોધના કાર્યમાં પણ જો કુશળતા આચરવામાં ન આવે તો પણ યોગની પ્રાપ્તિ થાય નહીં. કેવળ કર્મમાં કુશળતા લાવવાથી પણ યોગની પ્રાપ્તિ ન થાય. અહીં આ રહસ્ય ખૂબ સમજવા જેવું છે કે ચિત્તવૃત્તિના નિરોધનાં કાર્યોને પણ કુશળતાપૂર્વક કરીએ તો જ સફળતા પ્રાપ્ત થાય.

"કર્મમાં કુશળતાનું નામ યોગ છે" એ ગીતાની વ્યાખ્યાને જરા વધુ સમજવાનો પ્રયત્ન કરીએ. દરેક કર્મમાં – દરેક કાર્યમાં કુશળતા તો હોવી જ જોઈએ, એ વાત આપણે સાચી રીતે સમજીએ છીએ. જો કુશળતા ન હોય, જો કુશાગ્રતા ન હોય, જો એ કાર્યને બુદ્ધિપૂર્વક કરવામાં ન આવે તો એમાં કાંઈ ભલીવાર આવે નહીં; એ કાર્યમાં આપણે સફળ થઈ શકીએ નહીં. કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો તેમાં કુશળતા–કુશાગ્રતા હોવી જોઈએ; ધ્યાનપૂર્વક એ કાર્યને કરવું જોઈએ.

યોગ એટલે મળવું. યોગનો ચાલુ વહેવારિક અર્થ છે મિલન–મુલાકાત. અત્યારે તમારું અને અમારું મિલન થયું છે તે પણ યોગ થયો કહેવાય. તેવી રીતે કર્મ સાથે આપણો યોગ થઈ જવો; જે કર્મ આપણે કરતા હોઈએ તેની સાથે આપણે એવા મળી જઈએ કે જે વખતે જે કાર્ય–કર્મ ચાલતું હોય તેનાથી આપણે જુદા ના રહીને, એની સાથે એક થઈ જઈને, એકાકાર થઈ જઈએ તો એ કાર્ય પૂર્ણ થઈ શકે, એ કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ શકે. કર્મની કુશળતા કર્મ સાથે મળી જવામાં રહેલી છે.

"કર્મની કુશળતાનું નામ યોગ છે" એ વ્યાખ્યાને સ્થૂળ અર્થમાં લઈએ તો અનર્થ પણ થઈ શકે છે. જેમકે કર્મમાં કુશળતા એને જ જો યોગ કહી દઈએ, તો કોઈપણ પ્રકારનું કર્મ અને તેમાં આચરાતી કુશળતા તે પણ યોગ થયો કહેવાય.

ખોટું કાર્ય જેમકે ચોરી, હિંસા ઈત્યાદિ કર્મો કરીએ અને તે કુશળતાપૂર્વક કરીએ તો તે પણ યોગ કહેવાય. તો શું આવો યોગ આપણે જોઈએ છે? નથી જોઈતો. ચોરી, હિંસા, પાપ ઈત્યાદિને તમામ શાસ્ત્રોએ નિંદ્ય ગણ્યાં છે. તમામ મહાપુરુષો–આપ્તજનોએ એવાં કર્મો કરવાની મનાઈ કરી છે. તેથી ખોટાં કર્મોમાં કુશળતાને યોગ કઈ રીતે કહી શકાય! ખોટા કર્મોમાં ભલેને આપણે કુશળતા વાપરીએ; ચોરી, હિંસા, પાપ ઈત્યાદિને કુશળતાપૂર્વક કરીએ છતાં એ યોગ ન કહેવાય. કર્મમાં કુશળતા જરૂર રાખવાની છે, પરંતુ કયા કર્મમાં? સમાધિના કર્મમાં. સમાધિ પ્રાપ્ત કરવાનાં કર્મોમાં પણ જો કુશળતા નહીં હોય, કુશાગ્રતા નહીં હોય તો તેમાં સફળ ન થવાય.

તો ગીતામાં જે "યોગઃ કર્મસુ કૌશલમ્" કહેવામાં આવ્યું તેને આપણે આ રીતે સમજવાનું છે. કર્મમાં કુશળતાનું નામ યોગ છે પરંતુ કયાં કર્મોમાં? સમાધિ પ્રાપ્ત કરવાનાં, કૈવલ્ય પ્રાપ્ત કરવાનાં, યોગનું આચરણ

કરવાનાં જે કર્મો છે તેમાં. યોગના અભ્યાસમાં નિપુણતા જોઈશે, કુશાગ્રતા જોઈશે, કુશળતા જોઈશે. નિપુણતાપૂર્વક, પ્રવીણતાપૂર્વક એ કાર્યનો અમલ કરવો પડશે, એ કાર્યનું આચરણ કરવું પડશે, તો જ એમાં સફળતા પ્રાપ્ત થશે.

યોગ એટલે આપણે જે બહિર્મુખ છીએ, આપણી વૃત્તિઓ દ્વારા સતત બહિર્મુખ રહીએ છીએ તેમાંથી અંતર્મુખ થવું. દરેક ઈન્દ્રિયને બે મુખ છે. એક મુખ બહાર ખૂલેલું છે, બીજું મુખ અંદર ખૂલેલું છે. બેમાંથી ગમે તે એક મુખ ખૂલેલું રહેશે. કુદરતી નિયમ એવો છે કે બહારના મુખને બંધ કરી દઈશું તો અંદરનું મુખ ખૂલી જશે અને જો અંદરનું મુખ બંધ કરી દઈશું તો બહારનું મુખ ખૂલી જશે. બહિર્મુખ એટલે કે બહારના જગતનો, બહારના વિષયોનો, બહારના પ્રપંચોનો, બહારના વ્યવહારનો, બહારની માયાનો, બહારની ખટપટનો સતત અનુભવ કરીને જીવાત્મા ક્લેશયુક્ત, ત્રાસયુક્ત થઈ જાય છે. અંદરની અલૌકિક અને દિવ્ય જે દુનિયા છે કે જે અનંત છે તેનો અનુભવ તે લઈ શકતો નથી, કેમકે ઈન્દ્રિયોનાં અંદરનાં મુખ બંધ છે. એ ક્યારે ખૂલે? અંદરનાં મુખ દ્વારા અંદરના જગતનો અનુભવ ક્યારે લઈ શકાય? જ્યારે ઈન્દ્રિયોનાં બહારનાં મુખ બંધ કરી દેવામાં આવે ત્યારે. બહારનાં મુખ બંધ થાય ત્યારે આપોઆપ જ અંદરનાં મુખ ખૂલી જાય છે. ઈન્દ્રિયોનાં અંદરનાં મુખો ખૂલી જવાં એટલે અંતર્મુખ થવું, બહિર્મુખતામાંથી અંતર્મુખપણામાં ચાલ્યા જવું. તો યોગનો બીજો અર્થ થયો અંતર્મુખ થવું, બહિર્મુખપણામાંથી છૂટી જવું.

યોગનો ત્રીજો અર્થ છે સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં જવું. અંદરનું જગત કેવું છે? સૂક્ષ્મ છે, અતિસૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ જગતનો અનુભવ કરવો. એ સૂક્ષ્મ જગતને ઓળખવાનો પ્રયત્ન કરવો તેને કહેવામાં આવે છે સૂક્ષ્મ જગતમાં જવું – સ્થૂળ જગતમાંથી સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરવો. બહારનું જગત સ્થૂળ છે. આપણે બહિર્મુખ રહીને બહારના સ્થૂળ જગતનો જ અનુભવ કરી શકીએ છીએ. પરંતુ અતિ અલૌકિક, અતિ દિવ્ય, અતિ મહાન એવું અંદરનું જગત છે એનો અનુભવ આપણે કરી શકતા નથી. એનો અનુભવ કરવા માટે અંતર્મુખ થવું જોઈએ, સૂક્ષ્મ જગતમાં જવું જોઈએ.

આ રીતે જોતાં :-

(૧) યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ

(૨) યોગ એટલે સમાધિ પ્રાપ્ત કરવાનાં કર્મોમાં કુશળતા

(૩) યોગ એટલે સમાધિ

(૪) યોગ એટલે બહિર્મુખપણામાંથી અંતર્મુખપણામાં જવું.

(૫) યોગ એટલે સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં પ્રવેશ કરવો.

આમ અનંત પ્રકારના યોગની વાત આપણે પહેલાં કરી એમાં ઉપર કહ્યા તે મુખ્ય. હાલમાં ચાલુ વ્યવહારમાં વપરાતાં એવાં યોગનાં કેટલાંક નામ છે જેમકે રાજયોગ, હઠયોગ, મંત્રયોગ, લયયોગ, જપયોગ વગેરે... વગેરે... આમ ચાલુ વ્યવહારમાં વપરાતાં ઘણાં નામ છે પરંતુ યોગ એટલે તો ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનાં સાધનો. તે અનંત છે. જેને જે ફાવે તે સાધનનો ઉપયોગ કરી ચિત્તવૃત્તિનો નિરોધ કરીને કૈવલ્યની અનુભૂતિ કરી શકે છે. દરેક યોગ્ય જિજ્ઞાસુની પ્રકૃતિ, પરિસ્થિતિ સ્વભાવ વગેરે જોઈને ગુરુજનો યોગ્ય સાધન બતાવે છે જેથી તે નિરાપદરૂપે કૈવલ્યનો અનુભવ કરી શકે.

(ક્રમશ:)

વેઠે પકડાયેલા મજૂરની પેઠે, કપાળે કરચલીઓ પાડી, પેટ માટે ગધ્ધાવૈતરું ન કરતાં, એક રાજકુમારની માફક આનંદની (આત્માનંદની) પ્રાપ્તિ માટે રાતદિન મહાપુરુષાર્થ કરો.

– સ્વામી રામતીર્થ

સદ્‌ગુરુ–પરમાત્માનું પ્રગટ સ્વરૂપ

(પ્રેરક પત્ર)

મુંબઈ
તા. ૨–૭–૮૫
ગુરુપૂર્ણિમા

પ. પૂ. આદિ આધ્યાત્મિક ગુરુદેવ,

પ્રેમભર્યા સાદર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ આપશ્રી ગુરુદેવના ચરણકમળોમાં અર્પણ કરું છું.

પૂજ્ય ગુરુદેવનું સ્મરણ તો મંત્રસ્વરૂપે થાય જ છે છતાંય આજના પવિત્ર દિવસે તો ગુરુધ્યાન વધુ વિશેષ થાય તે આપશ્રીના ચરણકિંકર માટે સ્વાભાવિક છે. આજના પવિત્ર દિવસે ત્યાં કુબરૂ હાજર રહીને સર્વ ગુરુબંધુઓની સાથે ગુરુપ્રસાદ મેળવવાની ઈચ્છા હોય; પરંતુ આ વર્ષે પ્રોગ્રામ જ થયો નથી. ગયે વર્ષે આપશ્રીએ કહેલ વચનો કે, "ગુરુપૂજનની પ્રણાલિકા એક માત્ર વિધિ નથી પરંતુ માત્રનિમિ છે. શિષ્યની સાચી, મનથી કરાયેલી પ્રાર્થના અને પ્રણામ પૂજ્ય ગુરુદેવ સદાય સ્વીકારે જ છે. ખાસ કરીને હાજર રહી ન શકે તેવા શિષ્યોની (આળસને કારણે ગેરહાજર હોય તેવા નહીં) પ્રાર્થના અને પ્રણામ તો પરોક્ષ રીતે સ્વીકારાય છે જ."

જેમ ખોરાક લીધા પછી શક્તિ મેળવી શકાયાનો અનુભવ થાય છે અને ભૂખ સંતોષાયાનો અનુભવ થાય છે તેમ સદ્‌ગુરુના દર્શનથી આંતરિક શાંતિ થાય છે. તે માટે કોઈને પૂછવાની જરૂર રહેતી નથી. આંતરિક માર્ગદર્શન મળે છે ત્યારે પૂજ્ય ગુરુદેવનો સ્વાનુભવ થાય છે. તેથી આપણે કહીએ છીએ "ઈશ્વર ત્યાં છે. હું ઈશ્વરને જોઉં છું." **ગુરુદેવનું પરોક્ષ સ્વરૂપ તેમના જ પ્રત્યક્ષ પ્રતિનિધિ સ્વરૂપ ગુરુદેવ દ્વારા જ થાય છે, એકાકારના સ્વાનુભવથી.**

આધ્યાત્મિક ગુરુની પ્રસાદીથી–તેમની દયાથી શિષ્ય ઈશ્વરકૃપાનું યોગ્ય પાત્ર બની શકે છે. ઈશ્વરના એ પ્રત્યક્ષ પ્રતિનિધિના આનંદમાં જ ઈશ્વરનો પરમાનંદ છે. એમના દ્વારા ઈશ્વરને સીધી રીતે જોઈ શકાય છે. ગુરુઆજ્ઞાનું પાલન એ જ ઈશ્વરપ્રાપ્તિ માટે પૂરતું છે. કારણ ગુરુ ઈશ્વરના જ સાકાર પ્રત્યક્ષ પ્રતિનિધિ છે. આધ્યાત્મિક ગુરુની કૃપા વિના કોઈ પણ વ્યક્તિ પ્રગતિ કરી શકતો નથી, તેમજ તેમને નાખુશ કરનાર ક્યાંય ટકી શકતો નથી, શાસ્ત્રોમાં દર્શાવેલ ગુરુપૂજનનું ધ્યેય પણ મૂળ આ જ કારણસર છે.

પરમાત્માના અત્યંત ગુપ્ત સેવક હોવાને લીધે પૂજ્ય ગુરુદેવને પરમેશ્વર જ ગણવા જોઈએ. આ લક્ષીકૃત સમસ્ત વૈદિક શાસ્ત્રો તેમજ અધિકૃત આચાર્યો વડે પણ સ્વીકારાઈ છે. ગુરુ જ સાચે જ સાક્ષાત્ ઈશ્વરનું પ્રગટ સ્વરૂપ છે.

ખરું પૂછો તો ઈશ્વરનું એ પ્રગટ સ્વરૂપ વધુ મૂલ્યવાન એટલા માટે છે કે ગુરુ, "ગુરુ જ" હોય છે. કારણ, એમના વડે ભક્તો પૂર્ણ શુદ્ધ બને છે. ઈશ્વરના વિવિધ અવતાર છે. દરેક અવતારની લાક્ષણિકતા હોય છે; જ્યારે કોઈપણ સ્વરૂપમાં કે પ્રગટ રૂપમાં ગુરુનાં લક્ષણો એક જ પ્રકારનાં હોય છે. મુંડક ઉપનિષદમાં ગુરુદેવનાં લક્ષણો નીચે મુજબ બતાવ્યાં છે–

ગુરુ જુદા જુદા પ્રકારના હોતા જ નથી. ગુરુ, ગુરુ જ હોય છે. તેથી જ તેમના ચરણારવિંદમાં સમર્પણ કરવા માટે શુદ્ધ મનનું સમર્પણ અને ભક્તિની જ જરૂર છે. તેથી ગીતામાં જણાવેલ છે તેમ સર્વધર્માનું પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.

આમ, અન્ય સર્વની આશાઓ છોડીને પૂજ્ય ગુરુદેવના એકના જ શરણમાં સૌ શરણાગત થઈએ તેવી પ્રાર્થના. શરણાગત થવા માટેની લાયકાત માટે ગુરુકૃપાની પ્રસાદી મળે તેવી પ્રાર્થના.

હું તમારો જ શિષ્ય છું અને શરણે આવેલ આત્મા છું ; કૃપા કરી મને માર્ગદર્શન આપો. ઓમ્‌પરિવારના સર્વે સભ્યો વતી આ પ્રાર્થના હું કરું છું કારણ કે સૃષ્ટિના સર્જનકર્તા બ્રહ્માના હૃદયમાં પણ વૈદિક જ્ઞાનનો આવિર્ભાવ આદિ ગુરુએ જ કર્યો; તેથી આદિ ગુરુ. તેમના પ્રથમ શિષ્ય બ્રહ્મા ગુરુ તેમના શિષ્ય નારદગુરુ, ત્યારબાદ તેમના શિષ્ય વ્યાસગુરુ. આમ આદિ ગુરુએ ગુરુપરંપરા ઉભી કરી. આમ દિવ્ય જ્ઞાન મેળવવા ગુરુસ્વરૂપ ઈશ્વરની જ જરૂર પડે છે. **ઈશ્વર જ્યારે જ્યારે જ્ઞાન આપે છે ત્યારે તેમનું પ્રગટ સ્વરૂપ ગુરુરૂપે જ હોઇ શકે છે. તે સિવાય જ્ઞાન સમજી શકાતું નથી. આ જ્ઞાન ગુરુસંદેશ દ્વારા જ મેળવી શકાય - મેળવવું ઉચિત છે.**

શ્રદ્ધા અને આદરપૂર્વક પ્રાર્થના કરું છું તે પૂજ્ય ગુરુદેવ જરૂર સાંભળશે તેવી ખાતરી છે; કારણ, તેઓશ્રી હૃદયમાં જ છે, સદાય સાંભળે જ છે; પ્રાર્થના કરતા હોઈએ ત્યારે પણ અને ન કરતા હોઈએ ત્યારે પણ.

બાઈબલમાં કહેલ છે તેમ દરેક બાળક ઈશ્વર પાસે પ્રાર્થના કરીને માગે છે અને પરમપિતા ઈશ્વર તેનો સ્વીકાર કરે છે. પણ **બાળક, ગુરુ મળતાં મોટા બાળક તરીકે ગણાય છે. તેથી મોટાં થયેલાં બાળકોએ પરમપિતા પાસે કશું માંગવું જોઇએ નહીં** ; બલ્કે, તેમની સેવામાત્ર કરવી જોઈએ. આ સેવા એટલે ભક્તિ.

આધ્યાત્મિક જીવનમાં ઓતપ્રોત થઈ શકાય અને તેથી જ ભૌતિક જીવનમાં પણ દિવ્ય રીતે વર્તી શકાય તે માટે ગુરુકૃપા જરૂરી છે. ગુરુભાવનામાં રહીને કાર્ય કરીશું તો ભૌતિક ઈચ્છાઓ આપોઆપ પૂરી(શાંત) થઈ જશે. આ જ કારણે અમે સૌએ દીક્ષા લીધી છે. એમાં દર્શાવેલ સિદ્ધાંતોને અનુસરવા છે, તેથી ઓમ્‌પરિવાર તરફથી આ પ્રાર્થના પૂજ્ય ગુરુદેવને ચરણે ધરું છું.

ગુરુકૃપા સદંતર મળે જ છે પરંતુ સહવાસનીયે જરૂર છે, સહચારનીયે જરૂર છે. સૂર્યની સામે ઊભા રહીએ એટલે અંધારાં અને ઊણપ તરત જ ઊડી જાય છે. આપશ્રીની સમક્ષ રહીને આધ્યાત્મિક ઉલ્લાસો આપોઆપ આવે છે, વધુ રસવિભોર થઈ જવાય છે. દીક્ષાના દિવસે એવી ઈચ્છા હતી કે "ગુરુપૂર્ણિમા વખતે ત્રણ દિવસ રહેવું છે" પરંતુ તે ઈચ્છા પૂરી ન થઈ શકી. એ પણ હરિ-ઈચ્છા. તેમાં પણ ગુરુ-સંદેશ અને ગૂઢ રહસ્ય હશે. આપશ્રી કહો છો તેમ "ગાયત્રીજપ દિવસ કરતાં રાત્રે વધુ જરૂરી અને ઉપયોગી છે. દિવસે તો નારાયણ (સૂર્ય) સ્વયં હાજર હોય છે." અમારા માટે તો આપશ્રીની સાથે હોઈએ એ સમય જ દિવસ, બાકી બીજો બધો સમય રાત્રિ.

તેથી જપ, મૌન, ધ્યાન ચાલુ છે. વારંવાર મળવાની, દર્શનની ઈચ્છાનું કારણ એટલું જ કે અમે તો આળપંપાળ જ છીએ. જ્યારે જ્યારે મળીએ અને દર્શન કરી ચરણસ્પર્શ કરીએ ત્યારે બેટરી ચાર્જ થાય. સૂર્ય થવાનું તો બાજુ ઉપર રહ્યું પણ એમના પ્રકાશને ઝીલવા માટે પણ શક્તિની જરૂર પડે.

ઓમ્‌પરિવારના પ્રત્યેક ગુરુબંધુને કે જેમનામાં હું ગુરુદર્શન કરું છું તેમને સૌને પ્રણામ.

લી. ગુરુચરણકિંકર
રમેશ ત્રિવેદીના
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

ગુરુપથી–પ્રભુપથી

– યોગભિક્ષુ

(ડૉ. શ્રી દિલીપ એન. પટેલનાં દવાખાનાના ઉદ્‌ઘાટન પ્રસંગે થયેલ પ્રવચનમાંથી)

આજે (તા. ૨૨–૨–૮૫) જીવનમાં પ્રથમવાર આ દવાખાનાના ઉદ્‌ઘાટનમાં અમે નિમિત્ત બની રહ્યા છીએ. ગયેલું આરોગ્ય પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત આરોગ્યને જાળવી રાખવા જગતમાં અનેક પથીઓ–પદ્ધતિઓ પ્રચારમાં છે; જેમકે એલોપથી, નેચરોપથી, હોમિઓપથી, આયુર્વેદ વગેરે. સૌ પથીઓવાળા પોતપોતાની રીતે લોકોને આરોગ્ય પ્રાપ્ત કરાવવાનો જ પ્રયત્ન કરતા હોય છે; અને એ જ પ્રયત્ન હોવો જોઈએ. તેમાં મળતી સફળતા–નિષ્ફળતાથી ફુલાઈ જવું કે હતાશ થઈ જવું ન જોઈએ. કારણ કે સર્વોત્તમ પથી તો પ્રભુપથી, ગુરુપથી, જ્ઞાનપથી છે. શરીર ધારણ કર્યું છે તો વહેલા કે મોડા છોડવાનું જ છે એવી સમજણ હોવી તેનું નામ જ્ઞાનપથી–પ્રભુપથી.

દરેક પથીનું મુખ્ય લક્ષ આરોગ્ય પ્રાપ્ત કરાવવાનું છે. દરેક પથીમાં કાંઈક ઉપાદેય અને કાંઈક ત્યાજ્ય હોય છે. દરેક ઉપચારકની એ પવિત્ર ફરજ છે કે તેમણે ગુણગ્રાહી થવું. જેમાં પણ અને જ્યારે પણ આરોગ્યપ્રદ જે કાંઈ લાગે તેનો ઉપયોગ કરી લેવો. મગજ સંકીર્ણ ન રાખવું, ખૂબ ઉદાર વિચારો રાખવા. અમે જે કાંઈ કરી રહ્યા છીએ તે જ સર્વસ્વ છે, તે જ સાચું છે તેવો હઠાગ્રહ રાખનાર વૈદ્ય, ડૉક્ટર દરદીનું વધુમાં વધુ કલ્યાણ નથી કરી શકતા. દરદીને જ્યારે અને જેની જરૂર હોય ત્યારે અને તેનો ઉપયોગ કરીને દરદીને રાહત પહોંચાડવાનો પ્રયત્ન થવો ઘટે; ભલે કોઈપણ પથીમાંથી તે પ્રયોગ લેવામાં આવ્યો હોય.

ગોપીભાવ સર્વશ્રેષ્ઠ છે

– યોગભિક્ષુ

ભક્ત–શિષ્ય અનેક ભાવમાં એકલીન–એકાકાર–એકરૂપ થઈને, મસ્ત બનીને પોતાના ભગવાનની–ગુરુદેવની ભક્તિ કરે છે. આ પ્રત્યેક ભાવ શ્રેષ્ઠ જ છે, પરંતુ તેમાં પણ એક ભાવ, જે ગોપીભાવ છે, તેને સર્વશ્રેષ્ઠ કહ્યો છે. જેમ દાસભક્તિ સર્વશ્રેષ્ઠ છે તેમ ગોપીભાવને પણ સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. શ્રીકૃષ્ણ, ગોપીઓ માટે ભગવાન-ગુરુદેવ-નાથ-પરમાત્મા જે ગણો તે સર્વસ્વ હતા. ગોપીઓ જ્યારે શ્રીકૃષ્ણની બંસીનો નાદ સાંભળતી ત્યારે ભાનસાન ભૂલી જઈ પોતાના પ્રાણથી પણ અધિક ખાતા, પોતાના સર્વસ્વ, ભગવાન–ગુરુદેવ શ્રીકૃષ્ણ પાસે દોડી જતી. આ સમયે ગોપીને બાહ્ય ભાનસાન રહેતું નહીં તે તો ખરું, પરંતુ પોતાના દેહનું પણ ભાન રહેતું નહીં. તે તો શ્રીકૃષ્ણની બંસીનો નાદ જ્યાં પણ સાંભળતી ત્યાં, તે જ સમયે પોતાના દેહનું ભાનસાન ભૂલી જઈને શ્રીકૃષ્ણ પાસે પહોંચી જઈને તેમનામાં (શ્રીકૃષ્ણમાં) એકાકાર થઈ જવાની ભાવના સિવાય બીજી કોઈ ઈચ્છા–તૃષ્ણા સેવતી નહીં, તે શ્રીકૃષ્ણ સાથે અદ્વૈત સાધતી. આવી સ્થિતિમાં–આ સમયે ગોપીને બીજી ગોપીઓની સ્થિતિનું પણ જરાય ભાનસાન ન હોય તે સ્વાભાવિક છે. આથી તે ગોપીને બીજી ગોપીઓ પ્રત્યે રહેજ પણ ઈર્ષા-ભાવ, વેરભાવ ઉત્પન્ન થાય જ નહીં તે પણ સ્વાભાવિક છે.

ગોપીભાવમાં તદ્રૂપતા આવી જાય છે, એકલીનતા એવી સધાય છે, એક એવી પરાકાષ્ટાએ પહોંચી જવાય છે, ભાવ એટલો દૃઢિભૂત થઈ જાય છે કે તેમાં દેહભાન રહેતું નથી. અર્થાત્ સર્વ ઈન્દ્રિયો બાહ્ય ભાન-સાન, ત્યાં સુધી કે દેહનું ભાન પણ ભૂલી જાય છે પછી તો બસ ગોપી પોતાના પરમાત્મા-ગુરુદેવ સાથે તદ્રૂપ થઈ જાય છે; એકાકાર-એકલીન-એકરૂપ થઈ જાય છે, મસ્ત બની જાય છે. આ કારણે ગોપી-ભાવને ઘણો જ ઊંચો ગણવામાં આવ્યો છે.

આપણે ઘણીવાર ગોસ્વામી, ગોવર્ધન, ગોપી વગેરે શબ્દો સાંભળીએ છીએ; શાસ્ત્રોમાં, ધાર્મિક ગ્રંથોમાં વાંચીએ છીએ પરંતુ તે શબ્દોની અંદર કયો આધ્યાત્મિક અર્થ છુપાયેલો છે તે સમજવાનો–જાણવાનો કદી પણ પ્રયત્ન કરતાં નથી. આ શબ્દોનો આધ્યાત્મિક અર્થ સમજવા જેવો છે. 'ગો' નો અર્થ થાય છે ઇન્દ્રિય. 'ગોસ્વામી' એટલે 'ઇન્દ્રિયોના સ્વામી' આવો અર્થ થાય છે. ઇન્દ્રિયો ઉપર જેનો કાબૂ છે, જે ઇન્દ્રિયોના સ્વામી છે તે ગોસ્વામી. 'ગોવર્ધન' શબ્દમાં 'ગો' એટલે ઇન્દ્રિય અને 'વર્ધન' એટલે વૃદ્ધિ કરનાર-ઇન્દ્રિયોની વૃદ્ધિ કરનાર - એવો અર્થ સમાયેલો છે. ઇન્દ્રિયોની વૃદ્ધિ અર્થાત્ ઇન્દ્રિયોની શક્તિમાં વૃદ્ધિ ત્યારે જ શક્ય બને છે જ્યારે ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ સંયમ પ્રાપ્ત કરવામાં આવે. ઇન્દ્રિયો ઉપર સંયમ પ્રાપ્ત કર્યો ન હોય તો તે ઇન્દ્રિયોની શક્તિ ધીરે ધીરે ક્ષીણ થાય છે અને અંતે તેનો નાશ થાય છે. ઇન્દ્રિયોની વૃદ્ધિ કરવી એટલે ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો-સંપૂર્ણ સંયમ પ્રાપ્ત કરવો–જિતેન્દ્રિય થવું તે.

'ગોપી' શબ્દનો અર્થ પણ આવો જ છે. 'ગો' કહેતાં ઇન્દ્રિયો, 'પી' કહેતાં પી જવી. તું ઇન્દ્રિયોને ઘોળીને પી જા–તું ઇન્દ્રિયો ઉપર કાબૂ પ્રાપ્ત કરી લે-ઇન્દ્રિયોને તું તારે આધીન કરી લે. તેની ઉપર લે જીવ, તું સંપૂર્ણ આધિપત્ય–સંયમ પ્રાપ્ત કરી લે. આમ જીવ જ્યારે ગોપીભાવમાં એકલીન-એકાકાર-એકરૂપ થઈ જાય છે ત્યારે તે જીવનો ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબૂ આવી જાય છે; ઇન્દ્રિયોને બાહ્ય ભાન-જ્ઞાન રહેતું નથી, દેહભાન રહેતું નથી અને તેથી તેનામાં ઈર્ષા, વૈર, કામ, ક્રોધ, મોહ, મદ ઇત્યાદિ કાંઈ જ ઉત્પન્ન થતું નથી. તે તો બસ પોતાના ઇષ્ટદેવમાં, પરમાત્મામાં, ગુરુદેવમાં એકાકાર–એકલીન–એકરૂપ થઈ જાય છે. પરિણામે તે જીવ સંપૂર્ણ ઇચ્છારહિત થઈ જાય છે. આ કારણે જ ગોપીભાવને સર્વશ્રેષ્ઠ કહેવામાં આવે છે.

તો આમ ગોપીભાવને આધિભૌતિક નહીં સમજતાં તેને આધ્યાત્મિક રીતે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. 'ગોપી' એટલે જેણે પોતાના ઇષ્ટદેવ-ગુરુદેવ-પરમાત્મા સાથે વાત્સલ્યભાવે તદ્રૂપ-એકાકાર-એકલીન થઈ જવાથી ઇન્દ્રિયોનું બહિર્મુખ અસ્તિત્વ જ રહે નહીં તેવી ઊંડી સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી છે તે; ચાહે તે સ્ત્રી હોય કે પુરુષ. આધ્યાત્મિક દૃષ્ટિએ ગોપીને માત્ર એક સ્ત્રી જ નહીં સમજતાં તે તો એક ભાવ છે તેવી સમજ પ્રાપ્ત કરવી જોઈએ. તેને લિંગ સાથે કોઈ જ સંબંધ નથી. આમ જે ભાવમાં લીન થઈને જીવ ઇન્દ્રિયોથી પર થઈ જઈ, સર્વ કામનાઓથી મુક્ત થઈ જાય અને પરમાત્મા સાથે અદ્વૈત સાધે તે ભાવ ગોપીભાવ છે.

[ડૉ. શ્રી વાસુદેવ પટેલ (યુ.એસ.એ.) ને લખાયેલ પત્રમાંથી]

બહુજન હિતાય-બહુજન સુખાયના વિરાટ કલ્યાણકાર્યમાં તમારે પણ નિમિત્ત બનવાનું હોઈ શકે. ફળેચ્છા રહિત કાર્યકુશળતા કેળવવી.

વસ્તુ હાથમાં છે. વસ્તુને હાથનો આધાર છે; તેથી તે નીચે નથી પડતી - તેની અધોગતિ નથી થતી - હાથનો આધાર હટી જતાં જ વસ્તુ અનાયાસે જ પતન પામે છે - નીચે પટકાય છે.

પતનમાં - અધોગતિમાં પ્રયત્નની જરૂર નથી, ઊર્ધ્વગતિમાં જ પ્રયત્નની અપેક્ષા છે.

જીવને ગુરુસંતોનો આધાર છે ત્યાં સુધી તેનું પતન નથી થતું. પરંતુ ઊર્ધ્વગતિ માટે સ્વપ્રયત્નની તથા સુપ્રયત્નની પણ આવશ્યકતા છે.

ગુરુ - સંતપ્રેરણાએ અને પોતાના પ્રયત્ને પમાય છે - પરમગતિ, ઊર્ધ્વગતિ, કલ્યાણ, મુક્તિ.

રામ કૃપે ઔઢકર, સબકા મુજરા લેત:
જૈસી જિનકી ચાકરી, વૈસા ઉનકો દેત.

– યોગભિક્ષુ

અમેરિકાનાં સંસ્મરણો

– યોગભિક્ષુ

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં મુંબઈથી ન્યુયોર્ક (યુ.એસ.એ.) જવા રવાના થયો. અમદાવાદથી આવેલ સર્વે સ્નેહીઓ, પ્રેમીઓ, ભિક્ષુઓ વગેરે મુંબઈ એરપોર્ટથી છૂટા પડ્યા. છેલ્લા છૂટા પડ્યા શ્રી પ્રવીણભાઈ દેસાઈ. તેમના અતિ પ્રેમના કારણે દિવસ દરમ્યાન અમે સૌ તેમના ત્યાં કાંદિવલી રોકાયેલા. શ્રી પ્રવીણભાઈએ એક પરિચય પણ કરાવી આપેલો કે જેથી મને પ્લેનમાં અગવડ ન પડે.

પ્લેન આકાશમાર્ગે રવાના થયું. અહીંથી જ બધી નવીનતાની શરૂઆત થઈ ગઈ હતી. પ્લેનમાં બધું જ નવું નવું લાગતું હતું. વળી હું બિલકુલ અંગ્રેજી જાણું નહીં એટલે મને વધુ મૂંઝવણ થાય. એ. ઈ. ના કર્મચારીઓનું વર્તન ખૂબ માણસાઈભર્યું હતું. નાસ્તો, ભોજન વગેરેની ખૂબ સંભાળ લેવાતી હતી. મને સીટ પણ સારી મળી ગઈ હતી. સમય થતાં પ્લેનમાં એકીસાથે ત્રણ ચલચિત્રો શરૂ થયાં; એક હિન્દી અને બે અંગ્રેજી. અમુક સમય એ જોવામાં પસાર થયો. દિવસ દરમ્યાન બારીમાંથી બહારનાં દશ્યો જોયા કરું જાણે "અલ્લાઉદ્દીનનો ચિરાગ" જોતા હોઈએ એવાં બધાં દશ્યો લાગે. ક્યારેક કાનના પડદા દબાતા હોય એવો અનુભવ પણ થાય. ન્યુયોર્ક આવવાની તૈયારી થઈ ત્યારે સૌને એક એક ફોર્મ મળ્યું, જેમાં ખાનાપૂર્તિ કરવાની હતી. એક મહારાષ્ટ્રિયન કર્મચારી ભાઈને મેં કહ્યું કે હું અંગ્રેજી જાણતો નથી. તેમણે કહ્યું કે કશો વાંધો નહીં, અમે શું કામના છીએ ? તેમણે મારું ફોર્મ ખૂબ વિવેક અને આત્મીયતાથી ભરી આપ્યું. પ્લેનની બારીમાંથી ન્યુયોર્ક નગરી કેવી લાગતી હતી તેનું વર્ણન થઈ શકે? જાણે પ્રકાશનગરી જોઈ લ્યો ! એરપોર્ટ ઉપર ઊતરીને સૌની જોડે ચાલવા લાગ્યા. છેલ્લે જ્યાં અમારો સામાન આવવાનો હતો ત્યાં પહોંચી ગયો. ત્યાં સુધી એક બેન મારી જોડે હતાં સામાનની દોડાદોડમાં તેઓ છૂટાં પડી ગયાં. અંગ્રેજીના અજ્ઞાનના કારણે અહીંથી મને થોડી થોડી મૂંઝવણ થવા લાગી. મારો સામાન થોડો મોડો આવ્યો, સામાન, રેંકડીમાં ભરીને હું સામાન–ચેકિંગના સ્થાને પહોંચ્યો. મહામહેનતે બેગ ઉપાડીને સરકતા પટ્ટા ઉપર મૂકી. તાળાં ખોલીને અધિકારી બેન પાસે મૂકી. તે બેને એક બેગ જોઈ અને પછી જવાનો ઈશારો કર્યો. હું મારી બેગ સરકતા પટ્ટા ઉપરથી નીચે ઉતારું ત્યાર પહેલાં તેમણે સ્વિચ દબાવી દીધી તેથી બેગ સાથે પટ્ટો આગળ સરકવા લાગ્યો. પટ્ટા ઉપર બે તાળાં પડ્યાં હતાં તેમાંથી એક તે પટ્ટામાં નીચે ઊતરી ગયું. મેં બેનને ઈશારાથી સમજાવ્યું તેથી તેમણે તાળું કાઢવાનો પ્રયત્ન કર્યો પણ સફળ ન થયાં. તેથી તેમણે બીજા ભાઈને બોલાવીને એ સાલસંચો ખોલાવીને તાળું બહાર કાઢ્યું.

શ્રી મોંઘાભાઇની અજબ અગમચેતી

બહાર તો ઘણા પ્રેમીઓ મને લેવા માટે આવ્યા હતા પણ અહીં હું એકલો હતો, અહીં કોઈ મજૂર પણ નહીં. આટલો સામાન લઈને ક્યાંથી બહાર નીકળવું ? ખરી મૂંઝવણ શરૂ થઈ. પલાંઠી લગાવીને બેઠો બેઠો બેગનાં નીચેનાં પૈડાં ગોઠવતો હતો. અમદાવાદમાં બરાબર અભ્યાસ કરેલો છતાં અહીં મનની અસ્થિરતાના કારણે પૈડાં બેસે નહીં. બધા જ પરદેશી. દેશી માણસ કોઈ દેખાય નહીં, હું અંગ્રેજી જાણું નહીં, હવે કોને પૂછું ; શું કરું, ક્યાં જાવું ? આમ વિચારોની ગડમથલ ચાલે છે ત્યાં સામેથી એક નિગ્રોભાઈને, રેંકડી લઈને મારી તરફ ધસી આવતા જોયા. ખાસા અલમસ્ત અને સાડા છ ફૂટના. તેઓ

ધસમસતા એકદમ આવીને મારી પાસે ઊભી ગયા. મને થયું કે માર્યા ! આ હાલતો-ચાલતો કાળો ડુંગર મારી પાસે કેમ ઊભી ગયો ? મારી કાંઈ ભૂલ થઈ હશે? હમણાં જો કાંઈ ફિટ-ફિટ, ફિટ-ફિટ કરવા લાગશે તો હું તો કાંઈ સમજીશ નહીં ! જવાબ શું આપીશ ? હું આવી ગડમથલમાં છું ત્યાં તો તેણે પોતાના ખિસ્સામાંથી એક કાર્ડ કાઢીને મારા હાથમાં મૂક્યું. આ કાર્ડ સામે જોતાં જ મારા આશ્ચર્યની કોઈ સીમા ન રહી ! તે તો મારો જ ફોટો હતો ! મને સમજતાં વાર ન લાગી કે બહારથી આપણા માણસોએ આ ભાઈને મને લેવા મોકલ્યા છે અને ઓળખાણ માટે આ ફોટો આપ્યો છે. હવે તો એમ જ લાગવા માંડ્યું કે જાણે હનુમાનજી પોતે મારી મદદે ધસી આવ્યા છે. મારો બધો લબાડો તેની રેંકડીમાં નાખીને તેની પાછળ ખેંચાવી મૂક્યા. જ્યાં બહાર પગ મૂક્યો કે 'સત્ય-ધર્મ ગુરુદેવકી જય' સંભળાણી- અને કેમેરાની ચાંપો ચપોચપ દબાવા લાગી અને ફ્લેશનો પ્રકાશ ઝબાઝબ ઝબકવા લાગ્યો. અને ગળામાં પુષ્પમાળાઓ પડવા લાગી. એકીસાથે આપણાં ઘણાં ભાઈ-બહેનોને જોઈને હવે જીવમાં જીવ આવ્યો.

નિગ્રોભાઈને ફોટો આપનાર હતા શ્રી મોંઘાભાઈ દેસાઈ કે જેમણે મને કદી જોયેલો પણ નહીં. ગુરુપ્રેમભિક્ષુજી પાસેથી ફક્ત મારા વિશે વાતો જ સાંભળેલી. તેમની કેટલી અગમચેતી કહેવાય કે આવી બધી સંભાવનાની કલ્પનાઓ કરીને ઘરેથી જ ફોટો લઈને આવેલા.

અમેરિકાની ધરતીને નમસ્કાર કરીને અમેરિકામાં પ્રવેશ કર્યો. એક શણગારેલી ગાડીમાં બેસીને લોબોકેન તરફ રવાના થયા. અમારી બીજી પાંચ-સાત ગાડીઓ પણ અમારી પાછળ હતી. રસ્તામાં સૌ અમારી ગાડી તરફ ખૂબ કુતૂહલપૂર્વક જોયા કરતા હતા કારણકે તેમના માટે તો આ દશ્ય સાવ નવીન હતું.

નોર્થ કેરોલાઈનામાં શ્રી હીરાભાઈ પટેલના ત્યાં આઠેક દિવસ રહેલા. તેમનો આખો પરિવાર ખૂબ ગુરુસંતપ્રેમી છે. શ્રી હીરાભાઈ રોજ પંઢરામણી માટે અમને લઈને સો-દોઢસો ગાઉ દૂર જતા. અમારા સત્સંગ વિષે તેઓ કયારેક જિજ્ઞાસુઓને કહેતા : આ કાંઈ બળખા કોપેરિશન ન હોય અહીં તો શુદ્ધ જ્ઞાનની તથા વહેમો અને ભ્રમોમાંથી બહાર નીકળવાની વાતો સાંભળવા મળશે, વગેરે. તેમના પ્રયત્નથી ફાધર પાર્કર અમને મળવા આવેલા. શ્રી પાર્કરે એક વિધિ કરી. હાજર વ્યકિતઓ સૌ એકબીજાના હાથ પકડીને ગોળાકારમાં બેઠા પછી તેઓ અંગ્રેજીમાં થોડીવાર કાંઈક બોલ્યા. મેં હીરાભાઈને પૂછ્યું કે તેઓ શું બોલ્યા ? હીરાભાઈએ કહ્યું કે તેમણે આપના વિશ્વશાંતિના કાર્ય માટે પ્રભુપ્રાર્થના કરી-શુભેચ્છા વ્યકત કરી. નો. કે. માં અમે હતા અને સામવેદી શ્રાવણી આવી. તેથી અમે ત્યાં જ જનોઈ બદલાવી. ત્યાંના લોકોને અમારા ધોતિયાનું ખૂબ આશ્ચર્ય થયું. ત્યાંનાં લોકો મોટે ભાગે અમને કુતૂહલથી તો કોઈ અહોભાવથી જોતાં.

ત્યાંનાં સર્વે ભાઈ-બહેનોના, તન-મન-ધન અને વિચાર-વાણી-વર્તનથી સંપૂર્ણ સહકાર મળ્યો અને મળી રહ્યો છે. તેમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. સૌ ઉપર ઓમૂપરમાત્માની અમીદૃષ્ટિ છે.

નવરાત્રી આવી હોય ?

પ્રવક્તા : યોગભિક્ષુ

સંકલન : ગુરુપાદપંક

આવતી કાલે નવમો દિવસ ? આવતી કાલે દેવી ભાગવતની પૂર્ણાહુતિ હશે ખરું ? ગુરુજીએ પૂછ્યું. પછી વાગ્‌ધારા આગળ વધી. –

નવ દિવસ શા માટે ? કથાના નવ દિવસ, નવરાત્રીના નવ દિવસ, નવદુર્ગા વગેરેમાં નવની સંખ્યા સૂચક છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ મેરુદંડમાં સાત કે નવ ચક્રો છે. તે દરેકમાં તેની અધિષ્ઠાત્રી દેવીશક્તિ રહેલી છે. તે શક્તિ દ્વારા શરીર-દુર્ગનું સંચાલન-સંરક્ષણ થાય છે. નવરાત્રીમાં તે નવે ચક્રોની ઉપાસના કરવાની છે, તેને નવા-પુનઃનવા કરવાનાં છે, તેનું ઉદ્દીપન-ઉદ્‌ઘાટન-માર્જન-તર્પણ કરવાનું છે, કે જેથી વીતેલા બાર માસમાં જે ઘસારો લાગ્યો હતો તેનું સમારકામ થાય અને આવતી નવરાત્રી સુધી તે સક્ષમ રહે તેટલી પ્રાપ્તિ થાય. એક રાત્રીએ એક એમ નવ રાત્રીઓમાં નવે ચક્રોની શક્તિઓ-દેવીઓનું માર્જન-સ્થાપન-સંસ્થાપન કરવાનું છે.

'દુર્ગા' શબ્દ સ્ત્રીલિંગ છે. 'દુર્ગેશ' તેનું પુલ્લિંગ છે. ખરેખર તો તે સ્ત્રી કે પુરુષ કાંઈ જ નથી. તે તો કેવળ એક શક્તિમાત્ર, એક ચૈતન્યતત્ત્વ-સત્તામાત્ર છે. રુચિ અનુસાર તેને સંબોધિત કરવામાં આવે છે. જેનાથી શરીરદુર્ગનું રક્ષણ થાય છે. તેને દુર્ગ+આ=દુર્ગા અથવા દુર્ગ+ઈશ=દુર્ગેશ કહી શકાય.

નગરવાસીઓના રક્ષણ માટે નગરની રચના કરવામાં આવે છે અને નગરની રક્ષા માટે દુર્ગ (કિલ્લા)ની રચના કરવામાં આવે છે. દુર્ગની થોડે થોડે અંતરે એક એક દુર્ગ-કેન્દ્ર હોય છે. તે કેન્દ્ર ઉપર એક એક દુર્ગપાલ હોય છે જે દુર્ગરક્ષાના સાધનોથી સંપૂર્ણ સુસજ્જ હોય છે. અને પોતપોતાની હદના દુર્ગનું રક્ષણ કરે છે.

ઉપરોક્ત સ્થૂળ દૃષ્ટાંતથી શરીર-દુર્ગને પણ સમજી લેવાનું છે. પરમગુરુ મહારાજના નિવાસસ્થાનની ફરતે શરીર-દુર્ગ છે અને શરીર-દુર્ગની રક્ષા માટે કરોડ-રજ્જુમાં ચક્રો-કેન્દ્રો છે અને તેમાં સ્થિત તેની શક્તિ-દેવી-દુર્ગા-દુર્ગેશ તેનું બરાબર રક્ષણ કરે છે.

નવદુર્ગા અને નવરાત્રીનું આવું ગૂઢ રહસ્ય છે. આટલી વાત જાણ્યા પછી હવે સાચો ખ્યાલ આવશે કે નવરાત્રી કેવી રીતે ઉજવવી જોઈએ. નવરાત્રી તે તો શક્તિ ઉપાસનાનું, શક્તિ પ્રાપ્ત કરવાનું રાષ્ટ્રવ્યાપી સામૂહિક પર્વ છે. તે નવ દિવસોમાં તો સૌએ એકીસાથે જ શક્તિ-ઉપાસનામાં બેસવાનું છે. પોત-પોતાના અનુભવી ગુરુ-સંતોના માર્ગદર્શનમાં એક એક રાત્રિએ એક એક ચક્ર સ્થિત શક્તિને પરિમાર્જિત કરવાની છે. આ પર્વ સામૂહિક હોવાનો ફાયદો એ છે કે તે દિવસોમાં સૌ પોતાની ઉપાસના-ક્રિયામાં લાગેલા હોવાથી કોઈને કોઈના દ્વારા જાણ્યેઅજાણ્યે પણ વિક્ષેપ નથી થતો. આપણે આપણા ધ્યાનગૃહમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોઈએ અને આપણો પાડોશી પોતાના ઓરડામાં થાથે...થાથે... કરતો હોય તો ? અને તે ધ્યાનસ્થ થવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે આપણે લાઉડ સ્પીકર ઉપર "ચુન્ડ મુન્ડ ચપટીમાં ચોળ્યા, રે આજ દૈત્યોને રણમાં રોળ્યા..."ની ગળાફાડ ગર્જનાઓ કરતા હોઈએ તો તેનું શું થાય ? ચુન્ડ મુન્ડને ચપટીમાં કેવી રીતે ચોળવા તે આપણને કોણ સમજાવશે ? ક્યારે સમજાવશે ?

દિવાળી પણ સફાઈનું-સ્વચ્છતાનું સામૂહિક પર્વ છે. તે દિવસોમાં સૌ એકીસાથે સફાઈ કરે છે તેથી જ સફાઈ થઈ શકે છે. તે દિવસોમાં જો હું મારું મકાન સાફ કરતો હોઉં અને મારો પાડોશી ન કરતો

હોય તો મારા ઘરની બધી ગંદકી, માંકડ, મચ્છર ઈત્યાદિ તેના ઘરમાં ઘૂસી જાય. પણ જો સૌ એકીસાથે સફાઈ કરતા હોય તો આખા રાષ્ટ્રનું વાતાવરણ સ્વચ્છ થઈ જાય.

નવરાત્રીમાં પણ જો શાંત ઉપાસનાના પ્રબન્ધમાં જો સૌ હોય તો સૌને પૂરો લાભ મળી શકે. સાચી માહિતીના અભાવે, હાલમાં આપણે નવરાત્રી પર્વ કેવી રીતે ઉજવીએ છીએ ? એવાં અને એટલા મોટા લાઉડ સ્પીકરો મૂકીએ છીએ અને સ્વરયંત્ર ફાટી જાય એટલા જોરથી રાડો પાડી પાડીને ગરબા ગવરાવીએ છીએ ! અને એકલા ગરબા જ હોય છે તેવું પણ થોડું છે ? જે મનમાં આવે તે ગવરાવીએ છીએ અને સવારોસવાર પણ ગવરાવીએ છીએ ! કયાંક તો એવી હરીફાઈ ચાલે છે કે કોનું લાઉડ સ્પીકર વધુ મોટેથી વાગે છે ? આપણું લાઉડ સ્પીકર શરૂ થાય એટલે બીજા કોઈના ન સંભળાવા જોઈએ ! આવા વાતાવરણમાં કોઈ જિજ્ઞાસુ ચોનાની રૂમમાં કાંઈક સાચો પ્રયત્ન કરવા મથતો હોય તેની શી દશા થાય ? હે મા દુર્ગે ! તમને પ્રાપ્ત કરવાની નવરાત્રી આવી હોય ?

– દશેરા –

નવરાત્રી પછી દશેરા આવે છે. દશેરા કહેતાં દશ–હરા ; પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એમ કુલ દશ ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતા અહમૂને હરવો.

આ વાત ઉપરથી આપણને રામ અને રાવણના યુદ્ધનો મહિમા સમજાય છે. રાવણ દસ માથાં અને વીસ હાથવાળી આસુરી માયા હતી. જ્યારે રામને ફકત એક માથું અને બે જ હાથ હતા. વળી બંનેના નામની શરૂઆત રા'થી થાય છે તે પણ સૂચક છે. એટલે કે પાંચ વૃત્તિઓ, પાંચ કલેશોરૂપી આસુરી માયા જે શરીરમાં રહેલી છે તે જ શરીરમાં સદ્‌ગુણોરૂપી, મર્યાદા–સંયમરૂપી રામનો પણ વાસ છે. દુર્ગુણોરૂપી આસુરીશક્તિનું પ્રમાણ વિશાળ છે તેથી સદ્‌ગુણો દ્વારા દુર્ગુણો ઉપર વિજય મેળવવો તે સહેલું કાર્ય નથી; દૈવીશકિત દ્વારા આસુરી શકિત ઉપર વિજય મેળવવો તે કપરું કાર્ય છે.

નવ નવ દિવસના યુદ્ધ પછી રામરૂપી દૈવીશકિતએ રાવણરૂપી આસુરીશકિત ઉપર વિજય મેળવ્યો હતો. આ વાત શું બતાવે છે ? શું સમજાવે છે ? રાવણરૂપી આસુરીશકિત ઉપર, અહમૂ ઉપર કાબુ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ ? નવરાત્રીમાં એક એક રાત્રીએ એક એક ચક્રનું ઉદ્દીપન–માર્જન–તર્પણ કરવાનું છે. આમ નવ રાત્રીઓમાં નવે ચક્રોની શકિતઓ–દેવીઓનું માર્જન–સ્થાપન–સંસ્થાપન કરવાનું છે. આપણા શરીરમાં આ રીતે ઉદ્દીપન, ઉત્તેજીત થયેલ દૈવીશકિતઓની મદદથી, દશ ઈન્દ્રિયો દ્વારા (પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય દ્વારા) ઉત્પન્ન થતાં અહમૂ તથા પાંચ-વૃત્તિઓ અને પાંચ કલેશો દ્વારા ઉત્પન્ન થતી આસુરી શકિતનો નાશ કરવાનો છે, વધ કરવાનો છે; આસુરી શકિત ઉપર કાબુ મેળવાનો છે.

આ રીતે જો નવરાત્રી અને દશેરાના પર્વો ઉજવીએ તો જ તેને સાચી રીતે ઉજવ્યા કહેવાય અને તો જ આપણે પૂર્ણ લાભને પ્રાપ્ત કરી શકીએ.

માનસિક દીક્ષા-વિધિ મહામહોત્સવ

ઓમ્‌પરિવારના ઉપક્રમે અને ઓમ્‌પરિવારના આદ્યસંસ્થાપક પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગભિક્ષુજીના સુસાંનિધ્યમાં તા. ૧૫-૪-૮૫ને ચૈત્ર વદી એકાદશી સોમવારના મહાશુભ દિવસે સ્થળ : ૧/અ, પલિયડનગર નારણપુરા, અમદાવાદ મુકામે (ડૉ. સદગુરૂસમર્પણભિક્ષુજીને ત્યાં) સવારે ૮ થી ૧૨ દરમ્યાન સ્વાધ્યાય, સત્સંગ તથા માનસિક દીક્ષા-વિધિ મહામહોત્સવ ઊજવવામાં આવ્યો. જેમાં લગભગ બસો (૨૦૦) સાધકોએ સ્વેચ્છાએ માનસિક દીક્ષાનો સંકલ્પ કર્યો જે નીચે મુજબ હતો.

ઓમ્‌.....ઓમ્‌.....ઓમ્‌.....

હે ગુરુદેવ પરમ પૂજ્ય શ્રી (જે મહાપુરુષને ગુરુદેવ તરીકે વરણ કરવા માગતા હોઇએ તેમનું નામ લેવું)જી. મહારાજ! આપને પરમગુરુ પ્રણવપરમાત્માના પ્રતિનિધિસ્વરૂપ માનીને તથા આપને ગુરુદેવ તરીકે ધારણ કરીને આપના માધ્યમથી, સંકલ્પ દ્વારા, સ્વેચ્છાએ આજે હું (પોતાનું તથા પિતાનું નામ અટક સાથે બોલવું) માનસિક દીક્ષા ગ્રહણ કરું છું.

પ્રગટ દેવ શ્રી સવિતાનારાયણની સાક્ષીએ તથા શ્રદ્ધેય મહાપુરુષોની હાજરીમાં તથા આપની સૂક્ષ્મ પ્રેરણાથી આજે હું (પોતાને જે પસંદ હોય તે મંત્ર બોલી જવો)નું મંત્રબીજ ગ્રહણ કરું છું.

ઋષિમુનિઓ દ્વારા સુપ્રણીત, સુગ્રથિત અને સંગ્રહીત પરમસૂક્ષ્મ અવકાશ આહવાહી અને ચૈત્યચુંબકાનુગ્રાહી વિધિના માધ્યમથી આ મંત્ર અત્યારે હું ગ્રહણ કરી રહ્યો છું. આ મંત્રની રોજ નિયમિત (જેટલી માળા કરવી હોય તેટલી સંખ્યા બોલવી) માળા કરવાનો હું પ્રયત્ન કરીશ.

દિક્ષિત મંત્રના વિધિવત્‌ જપ-અનુષ્ઠાન દ્વારા પ્રાપ્ત થયેલ પ્રચંડ પ્રજ્ઞાથી "બહુજન હિતાય - બહુજન સુખાય" ના કાર્યોમાં હું યથાયોગ્ય ફાળો આપીને મારા મનુષ્યજન્મની સાર્થકતા કરીશ.

અર્જિત પ્રજ્ઞાનો જ્યારે જ્યારે મારા દ્વારા દુરુપયોગ થાય ત્યારે ત્યારે તે આશકિત વિસર્જિત થઇ જજો.

આજે કરેલ માનસિક દીક્ષાના સંકલ્પને જીવનભર પ્રમાણિક રહેવાનો હું પ્રયત્ન કરીશ.

ઓમ્‌.....ઓમ્‌.....ઓમ્‌.....

ક. : જે પણ મંત્ર નકકી કર્યો હોય તેના પ્રારંભમાં અને અંતમાં ઓમ્‌ લગાડવો આવશ્યક છે.

PRINTED BOOK

From :-
ૐગુરુ પ્રેમસમર્પણ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૩૧, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્ક પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા અમદાવાદ-૬૧.

To,

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
ૐગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧૩૧, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા અમદાવાદ-૬૧,
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઇ. ટી. ઈ. મુ/એસ/૩૩-૩૬૨/૮-૩૮૪ ૮૦-૭૭ (૫),
વાઈડ નં. એચ. કયુ. iii ૧-૪-૮૩ થી ૩૧-૩-૮૬

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા : પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

ટ્રસ્ટી મંડળ : ચેરમેન ડૉ. સોમાભાઈ એ. પટેલ

જનરલ સેક્રેટરી : વજુભાઈ પટેલ

ખજાનચી : દેવચંદભાઈ વી. પટેલ

ટ્રસ્ટી : રાઠીતભાઈ બી. સુખડીયા,
દામોદરભાઈ એ. પટેલ
ભારતનભાઇ મર્થક,
નૌષધભાઈ વ્યાસ

ટ્રસ્ટના ઉદ્દેશો : (૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવ (ૐ-ૐ) છે તેની પ્રતીતિ બહુજન સમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર માટે પ્રયત્ન કરવો. (૪) આ ઉ[illegible] 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતા કાર્યો જેવાં કે દુકાળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

વાચકમિત્રોને :
'પરિવાર પત્રિકા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો
શ્રી નૌષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

મુદ્રક : ઉમા પ્રીન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ.
ટાઇટલ : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩
મુખપૃષ્ઠ : શ્રી કિશોરભાઈ મકવાણા